સુરેન્દ્રનગરમાં અસહ્ય 45 ડિગ્રી ગરમી

30 મેથી 4 જૂન સુધી વરસાદનું યલો-ઓરેન્જ એલર્ટ

અમદાવાદ : ગુજરાતમાં હાલ ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યના અનેક શહેરોમાં આજે 40 ડિગ્રીથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 45 ડિગ્રી તાપમાન નોંધાયું, જ્યારે રાજકોટ અને અમદાવાદમાં 44 ડિગ્રી, ગાંધીનગર અને ભાવનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાતા લોકોને ભારે ગરમીનો સામનો કરવો પડ્યો હતો. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું (Southwest Monsoon) ઝડપથી આગળ વધી રહ્યું છે.

આગામી 2-3 દિવસમાં અરબી સમુદ્રના વધુ ભાગો, લક્ષદ્વીપ અને બંગાળની ખાડીના વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે હવામાન સંપૂર્ણ સાનુકૂળ છે. આ ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને પાકિસ્તાન પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે ગુજરાતમાં પવનની દિશા બદલાઈ છે અને દરિયા પરથી ભેજવાળા પવન ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગે 30 મે થી 4 જૂન સુધી રાજ્યના વિવિધ ભાગોમાં 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન, વીજળીના કડાકા-ભડાકા અને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી (યલો અને ઓરેન્જ એલર્ટ) જાહેર કરી છે.

30 મે યલો : 30 મેથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર સહિતના વિસ્તારોમાં 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ તથા દીવ-દમણ વિસ્તારમાં પણ યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

31 મે ઓરેન્જ એલર્ટ : ઉત્તર ગુજરાતના અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, આણંદ, વડોદરા, નર્મદા, ડાંગ, તાપી સહિતના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

1 જૂન ભારે વરસાદની આગાહી : મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

2 થી 4 જૂન રાજ્યભરમાં વરસાદી માહોલ : ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, રાજકોટ, ભાવનગર, અમરેલી, કચ્છ સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગે લોકોને વીજળીના કડાકા દરમિયાન ખુલ્લા મેદાનમાં ન રહેવા, વૃક્ષોની નીચે આશરો ન લેવા તથા જરૂરી સાવચેતી રાખવા અપીલ કરી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે ભૂજમાં 38 ડિગ્રી, નલિયામાં 35 ડિગ્રી, કંડલા એરપોર્ટ પર 40 ડિગ્રી, અમરેલીમાં 42 ડિગ્રી, ડીસામાં 42 ડિગ્રી, વડોદરામાં 40 ડિગ્રી, સુરતમાં 35 ડિગ્રી અને દમણમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં 30 મે સુધી આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં આવતીકાલે મહત્તમ તાપમાન આશરે 44 ડિગ્રી રહેવાની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવ-દમણ વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં ખાસ કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહ્યું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું જણાવ્યું છે. અરબી સમુદ્ર, બંગાળની ખાડી અને આસપાસના વિસ્તારોમાં ચોમાસાની ગતિ સક્રિય બનતી જોવા મળી રહી છે. ઉપરાંત મધ્ય પાકિસ્તાન ઉપર સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન તથા પશ્ચિમ રાજસ્થાનથી સૌરાષ્ટ્ર-કચ્છ સુધી ટ્રફ સક્રિય હોવાથી ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ધીમે ધીમે 3 થી 5 ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. જોકે આગામી ત્રણ દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં 40 ડિગ્રીથી વધુ તાપમાન યથાવત્ રહેવાની શક્યતા છે.

રાજકોટ	અમદાવાદ	અમરેલી	ડીસા	કંડલા એરપોર્ટ	વડોદરા
44 ડિગ્રી	44 ડિગ્રી	42 ડિગ્રી	42 ડિગ્રી	40 ડિગ્રી	40 ડિગ્રી

ભારતનો રૂપિયો નબળો પડ્યો છે પણ ચીન અને પાકિસ્તાનનાં ચલણો મજબૂત થયાં છે

નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે એક ભાષણમાં તેમણે કહ્યું હતું કે જે દેશના વડા પ્રધાન પડેલા હોય તેનું ચલણ જ પડતું હોય છે. મોદીનાં વિરોધીઓ હવે આ જૂનું ભાષણ તેમને સંભળાવી રહ્યા છે. ૨૬ મે, ૨૦૧૪ ના રોજ જ્યારે નરેન્દ્ર મોદી પહેલી વાર ભારતના વડા પ્રધાન બન્યા ત્યારે એક અમેરિકન ડોલર ૫૮.૯૪ ભારતીય રૂપિયા બરાબર હતો. જ્યારે નરેન્દ્ર મોદી બીજી વખત ચૂંટણી જીત્યા ત્યારે રૂપિયો ૧૭ ટકાથી વધુ ગગડી ગયો હતો અને ૩૦ મે, ૨૦૧૯ ના રોજ રૂપિયો એક ડોલર સામે ૬૯.૩૭ પર પહોંચી ગયો હતો. નરેન્દ્ર મોદીએ જૂન ૨૦૨૪ માં તેમનો ત્રીજો કાર્યકાળ સંભાળ્યો ત્યારે રૂપિયો વધુ ગગડીને ૮૩.૩૮ પર પહોંચી ગયો હતો. આનો અર્થ એ થયો કે ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે રૂપિયામાં ૨૦ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. હવે તેમના ત્રીજા કાર્યકાળનાં બે વર્ષ પછી રૂપિયો હાલમાં ડોલર સામે ૯૬ ની આસપાસ છે. આ બે વર્ષમાં રૂપિયાનું મૂલ્ય ૧૪.૭૫ ટકા ઘટ્યું છે. એકંદરે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના કાર્યકાળ દરમિયાન રૂપિયામાં ૬૨.૩૩ ટકાનો ઘટાડો થયો છે. તેની સરખામણીમાં ડો. મનમોહન સિંહના ૧૦ વર્ષના કાર્યકાળ (૨૦૦૪-૨૦૧૪) દરમિયાન રૂપિયો ૩૧.૬૫ ટકા ઘટ્યો હતો.

મે ૨૦૧૪માં જ્યારે મનમોહન સિંહ વડા પ્રધાન બન્યા ત્યારે એક ડોલર માટે ૪૫.૩૧ રૂપિયા ચૂકવવા પડતા હતા અને જ્યારે મનમોહન સિંહ વડાપ્રધાન પદ પરથી ઊતર્યા ત્યારે ડોલર ૬૦ રૂપિયાની આસપાસ પહોંચી ગયો હતો. હાલમાં ભારતીય રૂપિયાના નબળા પડવા અંગે ઘણા ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. સામાન્ય રીતે કોઈ દેશ તેની અર્થવ્યવસ્થા તેના સ્પર્ધકો કરતાં વધુ ઝડપથી વિકસી રહી હોય ત્યારે તેનું ચલણ મજબૂત બને છે, પણ ભારતમાં એવું નથી. ભારતના અર્થતંત્રનો વિકાસ થઈ રહ્યો છે, પણ રૂપિયો તૂટી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આર્થિક નીતિઓના એક સમયે ચાહક રહેલા નિષ્ણાત અર્થશાસ્ત્રી સુરજીત ભલ્લા પણ આ જ પ્રશ્ન પૂછી રહ્યા છે કે જો અર્થતંત્ર તેજીમાં છે તો રૂપિયો કેમ ઘટી રહ્યો છે? સરકાર પાસે તેનો જવાબ નથી.

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતનો આર્થિક વિકાસ દર ચીન કરતાં વધારે રહ્યો છે, પરંતુ તેમ છતાં તાજેતરનાં વર્ષોમાં રૂપિયો વર્ષ-દર-વર્ષ નબળો પડી રહ્યો છે. ગયા વર્ષે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાંથી આવતા માલ પર ભારે આયાત જકાત લાદી ત્યારે આ ઘટાડો વધુ ઝડપી બન્યો હતો. ત્યાર બાદ ઈરાન યુદ્ધને કારણે ઊર્જા સંકટ સર્જાયું, જેના કારણે રૂપિયાનું મૂલ્ય નવા રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયું. માર્ચના અંતમાં અને એપ્રિલની શરૂઆતમાં ભારતીય રિઝર્વ બેંકે રૂપિયાને મજબૂત બનાવવા માટે આક્રમક પગલાં લીધાં. જો કે, આ પગલાંથી માત્ર થોડી રાહત મળી પણ દેશમાંથી બહાર જતો ડોલરનો પ્રવાહ અટક્યો નહીં. મોદી સરકારના ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ પણ માને છે કે રૂપિયામાં નબળાઈ ફક્ત ઈરાન યુદ્ધને કારણે નથી. અરવિંદ સુબ્રમણ્યમે ૨૬ મે ના રોજ પ્રકાશિત એક લેખમાં લખ્યું હતું કે યુદ્ધ પહેલાંનાં બે થી ત્રણ વર્ષમાં તુર્કી સિવાય ભાગ્યે જ કોઈ દેશના ચલણમાં ભારતીય રૂપિયા જેટલો નોંધપાત્ર ઘટાડો થયો હતો. જ્યારે ભારતીય રિઝર્વ બેંકે તેને બચાવવા માટે અસાધારણ સ્તરે હસ્તક્ષેપ કર્યો ત્યારે પણ તેની કોઈ અસર થઈ ન હતી. ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૬ ની વચ્ચે RBI દ્વારા તેને મજબૂત બનાવવાના તમામ પ્રયાસો છતાં રૂપિયામાં ૨૦ ટકાથી વધુનો ઘટાડો થયો.

આ વર્ષે ચીની ચલણ સામે પણ ભારતીય રૂપિયો ગગડ્યો છે, જેના કારણે ચીનથી આયાત થતી વસ્તુઓના ભાવમાં વધારો થયો છે અને ચીનને આનો ફાયદો થઈ રહ્યો છે. જાન્યુઆરીથી અત્યાર સુધીમાં યુઆન સામે રૂપિયો ૬ થી ૮ ટકા ઘટ્યો છે. જાન્યુઆરીમાં ૧ યુઆન ૧૩ રૂપિયાની બરાબર હતો, પરંતુ હવે, ૧ ચીની યુઆન ૧૪.૨ રૂપિયા બરાબર છે, જેનાથી ભારતને વેપારમાં નુકસાન થઈ રહ્યું છે. ભારતીય રૂપિયો નબળો પડ્યો છે, પરંતુ ઘણા એશિયન દેશોનાં ચલણો મજબૂત થયાં છે. ચીનનું ચલણ રેનમિન્બી (યુઆન) અમેરિકન ડોલર સામે ત્રણ વર્ષમાં તેના સૌથી મજબૂત સ્તરે પહોંચ્યું છે. ૧૧ મે ના રોજ પીપલ્સ બેંક ઓફ ચાઇનાએ ડોલર સામે રેન્મિન્બીનું દૈનિક ફિક્સિંગ ૬.૮૪૬૭ પ્રતિ ડોલર નક્કી કર્યું, જે માર્ચ ૨૦૨૩ પછીનું સૌથી મજબૂત સ્તર છે. અમેરિકા અને યુરોપ આરોપ લગાવી રહ્યા છે કે ચીનનો વધતો વેપાર સરપ્લસ એટલા માટે છે કારણ કે તે તેના ચલણને કૃત્રિમ રીતે નબળું રાખે છે.

ગયા વર્ષે રેન્મિન્બી યુરો સામે લગભગ આઠ ટકા નબળો પડ્યો, જેના કારણે યુરોપિયન યુનિયનમાં ચીનની નિકાસ રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી. ગોલ્ડમેન સેક્સનો અંદાજ છે કે રેન્મિન્બીનું મૂલ્ય હજુ પણ લગભગ ૨૦ ટકા ઓછું છે અને નજીકના ભવિષ્યમાં ડોલર સામે તે વધુ મજબૂત થઈ શકે છે. ચીનમાં વર્ષોથી ચાલી રહેલા ડિફ્લેશનથી પણ ચિંતા વધી છે કે યુઆન તેના વાસ્તવિક મૂલ્યની તુલનામાં નબળું રહે છે.

ચીનથી ભારતની આયાત ૨૦૨૪ સુધીમાં નોંધપાત્ર હતી, જે ૧૦૦ અબજ ડોલરથી વધુ હતી. ૨૦૨૫ માં આ આંકડો વધીને ૧૨૦ અબજ ડોલર થયો હતો. ધારો કે ૨૦૨૫ માં ચીનની આયાત આશરે ૧૨૦ અબજ ડોલર હતી અને રૂપિયાનું મૂલ્ય યુઆન સામે ૭ ટકા ઘટ્યું હોય તો ભારત પર વધારાનો બોજ ૮.૪ અબજ ડોલર થશે. રૂપિયાની દૃષ્ટિએ આનો અર્થ આશરે ૭૦ થી ૭૫ હજાર કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ થશે. નાણાંકીય વર્ષ ૨૦૨૫ ના આંકડા અનુસાર ભારતે ચીનને આશરે ૧૪.૫ અબજ ડોલરની નિકાસ કરી હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૬ માં આ આંકડો વધુ વધવાનો અંદાજ છે. ભારતની નિકાસમાં પેટ્રોલિયમ ઉત્પાદનો, લોખંડ, ઇલેક્ટ્રોનિક્સ અને આવશ્યક તત્ત્વોનો સમાવેશ થાય છે. છેલ્લાં પાંચ વર્ષમાં ભારત અને ચીન વચ્ચેની વેપાર ખાધ પણ ઝડપથી વધી છે. સૌથી મોટો વધારો કોવિડ પછીના સમયગાળા દરમિયાન થયો હતો.

પાકિસ્તાની રૂપિયો પણ વધી રહ્યો છે. છેલ્લા છ મહિનામાં પાકિસ્તાની રૂપિયો અમેરિકન ડોલર સામે ૧.૩૧ ટકા વધ્યો છે, જ્યારે ભારતીય રૂપિયો આ વર્ષે છ ટકાથી વધુ ઘટ્યો છે. હાલમાં એક ડોલરની કિંમત ૨૭૮ પાકિસ્તાની રૂપિયા છે. આ વધારો મુખ્યત્વે માર્ચ ક્વાર્ટરમાં નોંધાયેલા ચાલુ ખાતાના સરપ્લસને કારણે હતો, જેના કારણે ખનિજ તેલના ઊંચા ભાવ અને ભૂ-રાજકીય જોખમો વચ્ચે વિદેશી હૂંડિયામણ અનામત પર દબાણ ઓછું થયું છે. વધુમાં, સાઉદી અરેબિયા તરફથી મળેલા સમર્થન અને ચાર વર્ષથી વધુ સમય પછી યુરોબોન્ડ બજારમાં પાકિસ્તાનની વાપસીથી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે અને ટૂંકા ગાળાના ભંડોળની ચિંતાઓ હળવી થઈ છે.

નબળા ચલણની સૌથી સીધી અસર આયાત પર પડે છે. જ્યારે રૂપિયો ઘટે છે, ત્યારે તેલ, રસોઈ ગેસ, ખાતર અને ઇલેક્ટ્રોનિક્સ જેવી આવશ્યક ચીજવસ્તુઓની આયાત વધુ મોંઘી થઈ જાય છે. ભારત આમાંથી મોટા ભાગની વસ્તુઓ વિદેશથી ખરીદે છે. નબળા રૂપિયાને કારણે વૈશ્વિક રોકાણકારોને નવાં બજારો શોધવાની ફરજ પડે છે, કારણ કે તેમના વળતર પર અસર પડે છે. મે મહિનાના અંત સુધીમાં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારોમાં ૨૩ અબજ ડોલરના રેકોર્ડ મૂલ્યના શેર વેચ્યા છે. સ્થાનિક શેરબજારમાંથી પગ કરી રહેલા વિદેશી મૂડીના પ્રવાહને કારણે ભારત માટે ચાલુ ખાતાની ખાધને સંતુલિત કરવી પડકારજનક બની ગઈ છે. જો કે, આની બીજી બાજુ પણ છે. નબળા રૂપિયાને કારણે ભારતીય નિકાસ વધુ સ્પર્ધાત્મક બને છે, કારણ કે ભારતીય માલ અને સેવાઓ વિદેશમાં સસ્તી બને છે. ભારતનાં જે નાગરિકો વિદેશમાં કમાણી કરીને દર વર્ષે આશરે ૧૩૫ અબજ ડોલર ભારત મોકલે છે, તેમના કારણે ભારતનું વિદેશી હૂંડિયામણ ખૂટી જતું નથી. આ પરિવારો જેટલા ડોલર મોકલે છે, તેની સામે તેમને ભારતમાં વધુ રૂપિયા મળે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વડા પ્રધાન મોદીની આર્થિક નીતિઓના એક સમયે ચાહક રહેલા નિષ્ણાત અર્થશાસ્ત્રી સુરજીત ભલ્લા પણ આ જ પ્રશ્ન પૂછી રહ્યા છે કે જો અર્થતંત્ર તેજીમાં છે તો રૂપિયો કેમ ઘટી રહ્યો છે?

ગાંધીનગર સચિવાલયમાં શોર્ટ સર્કિટથી જોરદાર ધડાકો, 4 દાઝ્યા

દાઝેલામાં માર્ગ અને મકાન વિભાગના બે વાયરમેન અને અન્ય બે કર્મચારીનો સમાવેશ

ધડાકાને કારણે અનેક કચેરીઓમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો, કામકાજ અટવાયું

ગાંધીનગરઃ રાજ્યના પાટનગર ગાંધીનગર સ્થિત સચિવાલય સંકુલમાં આજે બપોરે શોર્ટ સર્કિટને કારણે જોરદાર વિસ્ફોટ થતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સચિવાલયના બ્લોક નંબર 13 નજીક આવેલા પાવર સપ્લાય ટ્રાન્સમિશન વાયરીંગમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આ દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે મળતી માહિતી મુજબ સચિવાલયના નર્મદા વિભાગ અને માર્ગ-મકાન વિભાગની વચ્ચે આવેલા બ્લોક નંબર 13 ની નીચે અચાનક વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થતાં જોરદાર ધડાકો થયો હતો. આ અકસ્માતમાં માર્ગ અને મકાન વિભાગના બે વાયરમેન ગંભીર રીતે દાઝી ગયા હતા, જ્યારે અન્ય બે કર્મચારીઓ પણ ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. એક કર્મચારીના બંને હાથ દાઝી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ સચિવાલય સંકુલમાં ભારે અફરાતફરી ફેલાઈ ગઈ હતી. જ્યારે ઈજાગ્રસ્ત તમામ કર્મચારીઓને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ વિસ્ફોટની સીધી અસર સચિવાલયના વીજ પુરવઠા પર પણ પડી હતી. સ્વર્ણિમ સંકુલ-2 સહિત બ્લોક નંબર 8 થી 14 સુધીના વિસ્તારોમાં અચાનક વીજળી ગુલ થઈ જતાં અનેક કચેરીઓનું કામકાજ ખોરવાઈ ગયું હતું. સુરક્ષાના પગલાં રૂપે મોટાભાગના બ્લોકોમાં લિફ્ટ સેવાઓ પણ તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી હતી. જોકે, વહીવટી તંત્ર અને વીજ વિભાગની ત્વરિત કામગીરીને કારણે થોડા સમય બાદ સ્વર્ણિમ સંકુલ-2માં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.

ગાંધીગ્રામ-પ્રયાગરાજ વચ્ચે દ્વિ-સાપ્તાહિક વિશેષ ટ્રેન સેવા શરૂ થશે

અમદાવાદ : વેસ્ટર્ન રેલ્વે દ્વારા મુસાફરોની વધતી માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીગ્રામ અને પ્રયાગરાજ વચ્ચે દ્વિ-સાપ્તાહિક વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન સેવા વિશેષ ભાડા પર સંચાલિત કરવામાં આવશે અને કુલ 28 ફેરા માટે દોડાવવામાં આવશે. ટ્રેન નંબર 04112 ગાંધીગ્રામ-પ્રયાગરાજ દ્વિ-સાપ્તાહિક વિશેષ 31 મે, 2026થી 15 જુલાઈ, 2026 સુધી દરેક રવિવાર અને બુધવારના રોજ ગાંધીગ્રામથી સાંજે 17:20 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે 20:00 કલાકે પ્રયાગરાજ પહોંચશે. પરત ફરતી ટ્રેન નંબર 04111 પ્રયાગરાજ- ગાંધીગ્રામ દ્વિ-સાપ્તાહિક 30 મે, 2026થી 14 જુલાઈ, 2026 સુધી દર શનિવાર અને મંગળવારના રોજ પ્રયાગરાજથી સાંજે 16:15 કલાકે ઉપડશે અને બીજા દિવસે બપોરે 15:30 કલાકે ગાંધીગ્રામ પહોંચશે.

BUSINESS મિત્ર

હવામાન વિભાગના સામાન્યથી ઓછા વરસાદના અહેવાલ અને ઇરાન-અમેરિકા યુદ્ધ સંદર્ભે વારંવાર બદલાતી પરિસ્થિતિની શેરબજાર પર અસર જોવાઇ

પોઝિટિવ ખુલવા છતાં સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ રહ્યાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 28: સપ્તાહના અંતિમ દિવસે ભારે વધઘટ વચ્ચે ભારતીય શેરબજાર ભારે ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેમાં ગઈકાલે બકરી ઈદના લીધે ભારતીય શેરબજારો બંધ હતા, પણ ઈરાન-અમેરિકા યુદ્ધના તણાવ વધવાના અહેવાલે નિફ્ટીમાં ભારે ઉતારચઢાવ જોવા મળ્યો હતો, જે છેલ્લે રાતના ફરીથી પોઝિટિવ થયો હતો. જેથી આજે શેરબજાર પોઝિટિવ ખુલ્યું હતું પરંતુ તે લાંબુ ટક્યું નહતું, અને છેલ્લે સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આમ, સતત ત્રીજા સેશનમાં ઘટાડો આગળ વધ્યો હતો.

ભારતીય હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આ ચોમાસામાં ભારતમાં લાંબા ગાળાના સરેરાશ વરસાદના લગભગ 90 ટકા વરસાદ થઈ શકે છે. પરંતુ ગંભીર અછત નથી. પરંતુ વરસાદના આ સ્તરની અર્થતંત્ર પર મધ્યમ અસર થવાની સંભાવના છે.

ઈરાન-અમેરિકાના યુદ્ધ અંગે રોજબરોજ બદલાઈ રહેલી પરિસ્થિતિના પગલે રોકાણકારો ચિંતિત છે ગમે ત્યારે પરિસ્થિતિ બદલાઈ શકે એટલે નફા વસુલી કરી રહ્યા છે. વીક એન્ડમાં કોઈ જોખમ લેવા તૈયાર નથી. મીડલ ઈસ્ટમાં વધતા ભૌગોલિક રાજકીય તણાવ, ખાસ કરીને ઈરાન સાથે સંકળાયેલા વિકાસની આસપાસની અનિશ્ચિતતાએ રોકાણકારોને જોકમથી દૂર રાખ્યા હતા. ક્રુડ ઓઈલના ઉંચા ભાવે પણ સેન્ટિમેન્ટ પર દબાણ લાવ્યું હતું. કારણ કે ઉર્જા ખર્ચમાં વધારો ભારતમાં ફુગાવાને દબાણને વેગ આપી શકે છે. પસંદગીના હેવીવેઈટ શેરોમાં નબળાઈ અને બજારની વધેલી અશ્થિરતાએ સુચકાંકોને વધુ નીચા ખેંચ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 1092.06 પોઈન્ટ એટલે કે 1.44 ટકા ઘટીને 74775.74 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76220 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 74589 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 259.40 પોઈન્ટ એટલે કે 1.5 ટકા ઘટીને 23547.75 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. નિફ્ટી ઈન્ટ્રાડેમાં 24002 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 23484 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 614.65 પોઈન્ટ એટલે કે 1.12 ટકા ઘટીને 54239.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે રેલાક્સો ફુટવેરમાં 106.53 ગણા, સીન્જીન ઈન્ટરનેશનલમાં 29.79 ગણા, ગુજરાત ફલુરોકેમમાં 16.06 ગણા, બીકાજી ફુડવસમાં 13.27 ગણા અને ફોનીક્સ મીલ્સમાં 12.63 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે નુવોકો વિસ્ટાસમાં 15.92 ગણા, એજીસ લોજીસ્ટીકસમાં 11.38 ગણા, એલ્જી ઈક્વીપમેન્ટમાં 10.5 ગણા, જ્યોતિ સીએનસીમાં 8.53 ગણા, ટેગા ઈન્ડ.માં 8.45 ગણા કામકાજ નોંધાયા છે.

હેવીવેઈટ શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.25 ટકા ઘટ્યા હતા, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.61 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળા રહ્યા હતા. બીએસઈ ખાતે 1670 શેરો વધ્યા હતા, જ્યારે 2598 શેરો ઘટ્યા હતા, જ્યારે 213 શેરો યથાવત રહ્યા હતા. મેટલ શેરોમાં નફાવસુલી રહી છે. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.02 ટકા ઘટ્યો હતો. જેમાં જિન્દાલ સ્ટેનલેસ, એનએમડીસી, ટાટા સ્ટીલ, લોઈડસ મેટલ્સ, હિન્દુસ્તાન કોપર, હિન્દુસ્તાન ઝીંક, જેએસડબલ્યુ સ્ટીલ, હિન્દાલ્કો, નેલ્કો અને એપીએલ અપોલો ટયુબ્સ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર્સ હાલમાં 104 પોઈન્ટનો ઉછાળો ધરાવે છે. આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપે છે. યુએસ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા નાજુક યુદ્ધવિરામના સંભવિત વિસ્તરણની સંભાવનાઓનું રોકાણકારો મુલ્યાંકન કરી રહ્યા હોવાથી યુરોપિયન બજારો માં સુધારો જોવાયો હતો. વોશિંગ્ટન અને તેહરાન તેમના ત્રણ મહિનાના શંઘર્ષને રોકવા માટે અસ્થાયી કરારની નજીક જઈ રહ્યા હોવાના સંકેતો સામે રોકાણકારોએ ઈરાન સાથે સંકળાયેલી નવી લશ્કરી પ્રવૃત્તિને જોતાં એશિયન બજારો મજબૂત બંધ રહ્યા હતા.

રૂપિયામાં 70 પૈસામાં ઝડપી ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 28: કરન્સી બજારમાં રૂપિયો વધુ મજબૂત જોવાયો હતો. ઇરાન-અમેરિકા યુદ્ધ વિરામ વધુ લંબાવવાના અહેવાલની પાછળ ક્રુડના ભાવ તૂટયા હતા. જેના લીધે રૂપિયામાં મજબૂતાઇ જોવાઇ હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 70 પૈસા ઉછળીને 95.00ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 67.70ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીમાં યુરો 110.46, પાઉન્ડ 128.37, કેનેડિયન ડોલર 68.84, ઓસ્ટ્રેલિયન ડોલર 68.39, જાપાનીઝ યેન 0.5965 અને સીંગાપોર ડોલર 74.21ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.00 રૂ.
યુરો	110.46 રૂ.
પાઉન્ડ	128.37 રૂ.
યેન	0.5965 રૂ.

સેન્સેક્સ	-1092.06	74775.74
નિફ્ટી	-259.40	23547.75
બેન્ક નિફ્ટી	-614.65	54239.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	1.94	1483.90
એચસીએલ ટેકનો	1.60	1183.80
વિપ્રો	1.32	204.25
લાર્સન-ટુબ્રો	0.72	4076.50
ઇન્ફોસીસ	0.09	1160.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ એવીએશન	3.61	4405.00
આઇશર મોટર	3.26	7177.00
બજાજ ઓટો	3.22	10460.00
પાવરગ્રીડ	3.20	290.55
ઓએનજીસી	3.16	265.40

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	1.96	1483.20
એચસીએલ ટેકનો	1.65	1184.35
લાર્સન-ટુબ્રો	1.07	4089.00
ઇન્ફોસીસ	0.05	1159.75

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	3.46	289.75
ઇન્ટરગ્લોબ	3.27	4418.40
એનટીપીસી	2.86	386.75
ટાટા સ્ટીલ	2.72	208.90
મહિન્દ્રા-મહિન્દ્રા	2.72	3034.80

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૮૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૦૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૯૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૮૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૪૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૩૬૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૬૧૩૫૦
તેજાબી સોનું	૧૬૧૨૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૩૨૮૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૮૧૨૦
સોનાનાં બિસ્કીટ	૧૬૧૩૫૦૦
ચાંદી (૯૯૯)	૨૭૦૯૦૦
ચાંદી સિક્કા	૨૭૨૪૦૦

ઓછી આવક કે ખોટી આવક બદલ ભારેખમ પેનલ્ટી

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

આ.વ. 2017-18 થી બદલાવ

આ.વ. 2017-18 થી આવક છૂપાવવા સંબંધી કલમ-271(1)(C) ની લગભગ 55 વર્ષો જૂની પેનલ્ટીની આ જોગવાઈ બદલીને કલમ-270 A મુજબ નવી જોગવાઈ દાખલ કરવામાં આવી અગાઉની આવક છૂપાવવા સંબંધી જોગવાઈ (Conceal ment of income)ને સ્થાને નવી અન્ડર રીપોર્ટીંગ અને મિસ-રીપોર્ટીંગની જોગવાઈઓ અમલમાં આવી.

બન્ને પેનલ્ટી વચ્ચે તફાવત

કલમ-271(1)(C)ની પેનલ્ટીમાં મુખ્યત્વે આવક છૂપાવવા સંબંધી અથા ખોટી (ગલત) માહિતી આપવા સંબંધી ઈન્કમટેક્ષ રીટર્નની રજૂઆત હોય છે, જે બહુ વિસ્તૃત વ્યાખ્યા છે અને એમાં અનેક વિધ આવકના ઉમેરા, ખોટી કપાતો, ખર્ચાઓ અમાન્ય વિગેરે આકારણી સંબંધી પ્રશ્નો રહેતા હતા અને કરદાતા દ્વારા શુધ્ધબુધ્ધિ (Bona tide) પૂરવાર થાય તો આવી પેનલ્ટી રદબાતલ થતી હતી. આ પેનલ્ટીની રકમ ટેક્ષની રકમના 100 ટકાથી 300 ટકા સુધી લાગતી હતી. મોટેભાગે 100 ટકા પેનલ્ટી સુધી સીમિત કરવામાં આવતા હતા. આ પેનલ્ટીમાં છૂટછાટ કે માફી (Immunity)ની કોઈ ગુંજાઈશ હોતી નથી અને આકવેરા અધિકારી દ્વારા એસેસમેન્ટ ઓર્ડરમાં લગાડી (Initiatc) કરવામાં આએવી હતી. જે આવકના ઉમેરા સામે આવી પેનલ્ટી લગાડવામાં આવે તે અપીલમાં રદબાતલ થાય તો આ પેનલ્ટી કવાયત (Proceedings) શરૂ થાય છે. અને એકવાર આ પેનલ્ટી લાગી જાય. ત્યાર પછી અપીલ સિવાય બીજો કોઈ રસ્તો નથી. અંદાજિત આવકના ઉમેરા (Estimatcd Additon)માં આવી પેનલ્ટી લાગે નહિ જેમાં ખાસ કરીને નફાની ટકાવારી મુજબની આવકના ઉમેરા થાય કે અંદાજિત આવક અંગે કરદાતા સંમત થાય તો મોટે ભાગે કોર્ટોનું એવું મંતવ્ય હતુ કે આવા કેઈસોમાં પેનલ્ટી લાગે નહિં.

નવી પેનલ્ટીની કલમ- 270Aની જોગવાઈમાં કેટલાંક ચોક્કસ સંજોગોમાં પેનલ્ટી લાગે એવી સ્પષ્ટતા છે. આવા અન્ડર રીપોર્ટીંગના કેઈસો નીચે મુજબ છે.

(1) આકારવામાં આવેલી આવક (Assessed income કલમ-143 (a) ની ઈન્ટીમેશન હેઠળ પ્રોસેસ થયેલ આવક કરતા વધુ હોય.

(2) જ્યાં આવકવેરા રીટર્ન ભરાયું ન હોય તેવા કેઈસોમાં આકારાયેલ આવક કરમુકિત મર્યાદાથી વધુ હોય મતલબ કે કરપાત્રા આવક હોય.

(3) પુનઃ આકારિત આવક (Reassesscd) પુનઃ આકારિત પહેલાંની આકારણી થયેલ આક કરતાં વધુ હોય.

(4) આકારણી હેઠળ કલમ- 115JB કે 115JC હેઠળ નક્કી કરાયેલી ડિમ્ડ ટોટલ ઈન્કમ (Cdeemed total income) કલમ- 143 (1) (a)ના ઈન્ટીમેશન હેઠળ પ્રોસેસ કરાયેલ ડિમ્ડ ટોટલ ઈન્કમથી વધારે હોય છે.

(5) જ્યારે આકવેરા રીટર્ન ભરવામાં આવ્યુ નહિ હોય તેવા કેઈશમાં કલમ-115JB કે 115JC હેઠળ આકારાયેલ આક કરમુકિત મર્યાદાથી વધારે હોય.

(6) કલમ-115JB કે 115JC હેઠળ પુનઃ આકારિત ડિમ્ડ ટોટલ ઈન્મક પુનઃ આકારણી પહેલાની ડિમ્ડ ટોટલ ઈન્કમથી વધુ હોય.

(7) આકારાયેલી કે પુનઃ આકારિત આવકને કારણે આવકવેરા રીટર્નમાં દર્શાવેલ નુકશાનમાં ઘટાડો થાય કે તેના કારણે નુકશાનનું આવકમાં રૂપાંતર થયું.

ઈન્કમટેક્ષ એકટ 2025નો નવા કાયદાનો અમલ 1-4-2026 થી શરૂ થઈ ગયો છે. એમાં આ પેનલ્ટી એકસમાન છે અને ટેક્ષ પર (Tax Yeas) 2026-27 થી આ પેનલ્ટી નવી કલમ 439 મુજબ લાગશે હવે પછીના અંકમાં આ પેનલ્ટીમાંથી બચવા માટે શું કરવું તે જોઈશું.

તણાવ વચ્ચે પણ ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત રહેશેઃ RBI

આરબીઆઇએ નાણાકીય વર્ષ 2027 માટે 6.9 ટકા જીડીપી વૃદ્ધિની આગાહી કરી

નવી દિલ્હી, તા. 29: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને વધતા વૈશ્વિક તણાવ છતાં ભારતીય અર્થવ્યવસ્થઆ તેની મજબૂતી જાળવી રાખવા માટે તૈયાર છે. આરબીઆઈએ તેના વાર્ષિક અહેવાલ 2025-26માં કહ્યું છે કે મજબૂત સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પાછળ ભારત આર્થિક વિકાસના માર્ગ પર વૃદ્ધિ કરવાનું ચાલુ રાખશે.

આરબીઆઈએ નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતનો વાસ્તવિક જીડીપી ગ્રોથ 6.9 ટકા રહેવાનું અનુમાન લગાવ્યું છે. અહેવાલ અનુસાર, કોર્પોરેટ અને બન્કીગ ક્ષેત્રોની તંદુરસ્ત બેલેન્સશીટ અને સતત મુડીખર્ચ પર સરકારનો ભાર મજબૂત વૃદ્ધિને ટેકો આપશે. ભારત છેલ્લા નાણાકીય વર્ષ 2025-26 દરમ્યાન 7.6 ટકાની અંદાજિત જીડીપી વૃદ્ધિ સાથે સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બની રહ્યું છે. જે પાછલા વર્ષમાં 7.1 ટકા કરતાં વધુ સારૂં છે.